અપીલ અરજી નં.૮૭ તા.૮–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી મો.યુનુસભાઈ મોહંમદભાઈ સેલવાલા
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મો.યુનુસભાઈ મોહંમદભાઈ સેલવાલાની તા.૨૧–૪–૧૦ ની અરજીથી મિલકત નંબર ૪/૮૧૩ પૈકી ૪/૮૨૧ તથા ૪/૮૨૨ ની ફીલ્ડબુક તથા એસેસમેન્ટની નકલ વર્ષ ૧૯૮૦ થી ૨૦૧૦ સુધીની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૮–૬–૧૦ ની **SMC/FAP/** નં.૮૭/૨૦૧૦–૧૧

શ્રી મો.યુનુસભાઈ મોહંમદભાઈ સેલવાલાની તા.૨૧–૪–૧૦ ની અરજીથી મિલકત નંબર ૪/૮૧૩ પૈકી ૪/૮૨૧ તથા ૪/૮૨૨ ની ફીલ્ડબુક તથા એસેસમેન્ટની નકલ વર્ષ ૧૯૮૦ થી ૨૦૧૦ સુધીની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.એ.આર.ડી/૧૨ તા.૨૧–૫–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૪૪ તા.૧૪–૬–૧૦ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારનેઅપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારીએ ૧૯૮૦ થી ૨૦૧૦ સુધી એસેસમેન્ટ નકલો આપવામાં આવેલ નથી.જયારે જાહેર માહિતી અધિકારીએ આપેલ જવાબમાં ૧૯૭૯–૮૦ નું કાચુ પત્રક તેમજ ૧૯૮૬– ૮૭, ૧૯૮૭ – ૮૮ , ૧૯૯૫–૯૬,૨૦૦૩–૦૪,૨૦૦૮–૦૯ અને ૨૦૦૯–૧૦ ની એસેસમેન્ટ નકલો પૂરી પાડેલ હોવાનું જણાવેલ છે. જે અંગેની વિસંગતતા અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એઆરડી/૧૨ તા.૨૧–૬–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ તથા અરજદારને આપેલી માહિતી અંગેના પત્ર નં.એઆરડી/૧૨ તા.૨૧–૫–૧૦ ના પત્રની નકલ રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૭–૬–૧૦ ના પત્ર અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૨૧–૪–૧૦ ની અરજીથી મિલ્કત નંબર ૪/૮૧૩ પૈકી ૪/૮૨૧ તથા ૪/૮૨૨ ની ફીલ્ડબુક તથા એસેસમેન્ટની નકલ વર્ષ ૧૯૮૦ થી ૨૦૧૦ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એઆરડી/૧૨ તા.૨૧–૫–૧૦ થી સદર મિલ્કત નોંધ નંબર ૪/૮૧૩ પૈકી ૪/૮૨૧–૮૨૨ ની ૧૯૮૦ થી ૨૦૧૦ સુધીની ફીલ્ડબુક /એસેસમેન્ટની નકલની માંગણી કરેલ હોય આ સાથે ૧૯૭૯–૮૦ નું કાચુ પત્રક તેમજ ૧૯૮૬–૮૭,૧૯૮૭–૮૮,૧૯૯૫–૯૬,૨૦૦૩–૦૪,૨૦૦૮–૦૯ અને ૨૦૦૯–૧૦ ની એસેસમેન્ટની નકલો પાના નંગ–૧ થી ૧૮ અરજદારને નિયત સમય અવધિના બીજે દિવસે પૂરા પાડવામાં આવેલ છે. જેનાથી નારાજ થઈ અરજદારે તા.૮–૬–૧૦ ના રોજ તમામ નકલની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. અરજદારને આરટીઆઈ સેલ/૩૪૪ તા.૧૪–૬–૧૦ ના રોજ પાઠવેલ પત્ર બાબતે અરજદારે તા.૧૭–૬–૧૦ ના રોજ જાહેર માહિતી અધિકારી તરફથી તમામ ફીલ્ડબુકની નકલ અપાયેલી નથી અને ફકત અમુક વર્ષની એસેસમેન્ટ નકલ આપવામાં આવેલ છે. તેવી રજુઆત કરેલ છે. જેથી વર્ષ ૧૯૮૦ થી ૨૦૧૦ સુધીના તમામ વર્ષની ફીલ્ડબુકની નકલ તેમજ ઉપરોકત જણાવેલ વર્ષ ૧૯ ૮૦ થી ૨૦૧૦ સુધી તમામ વર્ષની ખૂટતી એસેસમેન્ટ નકલની માહિતીની માંગણી બાબતે સ્પષ્ટતા કરેલ છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ જણાતી નથી. તેમજ માંગેલ વિગતે સઘળી માહિતી નહીં પૂરી પાડવા કલમ–૮,૯ કે ૧૧ હેઠળના કોઈ અપવાદ જણાવેલ નથી. અપીલ તબકકે પૂરક વિગતોમાં પણ અરજદારની દાદ અંગે કોઈ વાજબીપણું જાહેર માહિતી અધિકારી કક્ષાએથી રજૂ થયેલ જણાતું નથી. જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ વર્ષોની એસેસમેન્ટ નકલ તથા ફીલ્ડબુકની નકલ ની માહિતી પૂરી પાડવાની રહે. તથા અપીલના મુદ્દા નં.ર બાબતે અરજદારે આપેલ માહિતીમાં વિગતમાં કરેલ સુધારા અને તેમાં કરેલ ઈનીશીયલ સીગ્નેચર બાબતે રજૂઆત કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૪–૧૦ અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે અરજદારને દિન–૭ ની અવધિમાં બાબત હેઠળના મુળ દસ્તાવેજોની તપાસણી પૂરી પાડી અરજદાર ઈચ્છે તે નકલો આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) .. ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી મો.યુનુસભાઈ મોહંમદભાઈ સેલવાલા